For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### બિનહરીફ બનેલા જી.બી સોલંકીએ વિરોધીઓ સામે આક્રમક વલણ અપનાવ્યું

# બરોડા ડેરી ચૂંટણી : 6 બેઠકો બિનહરીફનો વિશ્વાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

બરોડા ડેરીની આવનારી ચૂંટણીને લઈને છોટાઉદેપુર જિલ્લામાં રાજકીય માહોલ ગરમાયો છે. નસવાડી ખાતે યોજાયેલા સન્માન સમારોહમાં બરોડા ડેરીના માજી ઉપપ્રમુખ અને નસવાડી ઝોનમાંથી બિનહરીફ વિજેતા જાહેર થયેલા જી.બી. સોલંકીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ વખતે પણ ડેરીમાં ભાજપનું જ બોર્ડ રચાશે અને કુલ 6 બેઠકો બિનહરીફ થશે. બીજી તરફ, ડેરીના વર્તમાન પ્રમુખ દિનુ પટેલ (મામા)એ વિરોધીઓ સામે આક્રમક વલણ અપનાવ્યું હતું.

નસવાડી ઝોનમાંથી બિનહરીફ ચૂંટાયેલા જી.બી. સોલંકીના સન્માન પ્રસંગે ચાર તાલુકાના ડેરી પ્રમુખો અને મંત્રીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જી,બી,સોલંકીએ જણાવ્યું કે, "મતદારો, ડેરી પ્રમુખો અને મંત્રીઓના સહકારથી હું બિનહરીફ થયો છું. ગત ચૂંટણીની જેમ આ વખતે પણ 6 બેઠકો બિનહરીફ થશે તેવો મને વિશ્વાસ છે." તેમણે ઉમેર્યું કે પેનલના તમામ 13 ઉમેદવારોએ ભાજપની ટિકિટ માગી છે અને પક્ષ જેને મેન્ડેટ આપશે તેને વિજયી બનાવી ડેરી પર ભાજપનો ભગવો લહેરાવવામાં આવશે.

પ્રમુખ દિનુ પટેલે કાર્યક્રમ દરમિયાન વિરોધીઓ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું કે, અમે હંમેશા પશુપાલકોના હિતમાં કાર્ય કર્યું છે. છોટાઉદેપુર જિલ્લાના બોડેલીમાં રૂ. 250 કરોડના વિકાસ કાર્યો કરાયા છે. જોકે, તેમણે સ્વીકાર્યું કે આ વખતે તેમની પોતાની બેઠક બિનહરીફ થવાની શક્યતા ઓછી છે.

દિનુ મામાએ જણાવ્યું કે, જે લોકો ગઈકાલ સુધી સાથે હતા તેઓ આજે અંગત સ્વાર્થ માટે વિરોધમાં ઊભા રહ્યા છે. ખોટા આક્ષેપો કરનારાઓ સામે રૂ. 25 કરોડનો માનહાનિનો દાવો કરવાની અને જરૂર પડે તો 'દંડો' ઉઠાવવાની ચીમકી પણ તેમણે ઉચ્ચારી હતી.



**જરૂર પડે તો દંડો ઉઠાવતા પણ અચકાવું નહીં**

"પશુપાલકોનું હિત મારી પ્રાથમિકતા છે, પરંતુ જે લોકો ગઈકાલે મારી પડખે રહી આજે મારી પીઠમાં ખંજર ભોંકી ખોટા આક્ષેપો કરે છે, તેમને છોડવામાં નહીં આવે. સત્ય માટે હવે મારે રૂ. 25 કરોડનો દાવો કરવો પડશે અને જરૂર પડે તો દંડો ઉઠાવતા પણ અચકાવું નહીં." **દિનુ પટેલ (મામા),** પ્રમુખ, બરોડા ડેરી

### તબક્કાવાર 325 બસો એક્સ્ટ્રા દોડાવવામાં આવશે

# હોળી-ધુળેટીનો થનગનાટ, ST ડેપો પર મુસાફરોનો ભારે ધસારો

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

રંગોના પર્વ હોળી અને ધૂળેટીને આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે વડોદરામાં અભ્યાસ કે રોજગારી અર્થે રહેતા લોકોએ પોતાના પરિવાર સાથે આ તહેવાર મનાવવા માટે વતનની વાટ પકડી છે. વડોદરા શહેરના એસટી ડેપો પર મુસાફરોની ભારે ભીડ અને લાંબી લાઈનો જોવા મળી રહી છે. વડોદરા એસટી ડેપો પર ખાસ કરીને દાહોદ ગોધરા અને પંચમહાલ તરફ જતી બસોમાં મુસાફરોનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફ જતી એસટી બસોમાં પણ પગ મુકવાની જગ્યા ન હોય તેવી સ્થિતિ સર્જાય છે. લોકો વહેલી સવારથી જ



પોતાના સામાન સાથે બસની રાહમાં કતારો લગાવીને ઉભા જોવા મળ્યા હતા. મુસાફરોની આ ભીડને ધ્યાનમાં રાખીને વડોદરા એસટી વિભાગ દ્વારા ખાસ આયોજન પણ કરવામાં આવ્યું છે. મુસાફરોને હાલાકી ન પડે તે માટે વિવિધ રૂટ પર વિશેષ બસો દોડાવવામાં આવી રહી છે. તંત્ર દ્વારા સતત મોનિટરિંગ પણ કરવામાં આવી રહ્યું છે. જેથી કોઈપણ મુસાફર અટવાઈ નહીં. હોળીના પર્વ પર ખાસ કરીને ઉત્સાહ હોય છે. મુસાફરો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે ખડે પગે તૈનાત જોવા મળ્યા હતા. આ વખતે મુસાફરોને ખાસ ધ્યાનમાં રાખીને 325 નવીન બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. વડોદરા બસ સ્ટેશન ખાતેથી મુસાફરોને લઈને દાહોદ, ઝાલોદ, ગોધરા, ડાકોર, અમદાવાદ અને થોડી ઘણી જરૂરિયાત ઉપસ્થિત થશે, તે સમયે દ્વારકા માટેનું પણ ખાસ આયોજન કરવામાં આવેલું છે. આ ઉપરાંત વડોદરાના બસ સ્ટેશન સહિત નિઝામપુરા અને મકરપુરા બસ ડેપો ખાતેથી પણ વધારાની એક્સ્ટ્રા બસોનું આયોજન કર્યું છે. જે તબક્કાવાર મળીને 50, 70 અને 80 ફેરા મુજબ કુલ 325 એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી રહી છે.

### યુવકનું માથું અને ધડ છૂટું પડી 10 ફૂટના અંતરે પડ્યું, આપઘાત કે અકસ્માત રહસ્ય અકબંધ

# રેલ્વે ટ્રેક પર માથાથી ધડ અલગ થયેલો મૃતદેહ મળતા ચકચાર

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા શહેર નજીક આવેલા સાકરીયાપુરા ગામ પાસે હૃદય દ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. રેલ્વે ફાટક પાસે રેલવે ટ્રેક પરથી એક યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. જેમાં યુવકનું માથું અને ધડ છુંટા થઈ અલગ અલગ જગ્યા પાડ્યા હતા. ઘટનાની જાણ થતા નંદેસરી પોલીસ તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી ગઈ હતી અને તપાસ શરૂ કરી છે. જોકે હજુ સુધી મૃતદેહની ઓળખ થઈ નથી. પોલીસે લાશને પીએમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નંદસરી પોલીસ સ્ટેશનને ગુરુવારે રાત્રિના સમયે લગભગ 8:30 વાગ્યાની આસપાસ રેલવે કંટ્રોલ રૂમમાંથી કોલ મળ્યો હતો કે, સાકરીયાપુરા રેલવે ફાટક પાસે એક મૃતદેહ મળી આવ્યો છે.

જેને પગલે નંદેસરી પોલીસ તુરંત ઘટના સ્થળે પહોચી ગઈ હતી. પરંતુ ઘટના સ્થળ પર જતાં પોલીસે ભયંકર દ્રશ્ય જોઈને ચોંકી ગઈ હતી. પોલીસને મૃતદેહ તો મળ્યો હતો પરંતુ આ મૃતદેહ માથા વગરનો હતો. જેથી પોલીસે તપાસ કરી હતી ત્યારે મૃતકનું માથું ધડથી અલગ 10 ફુટના અંતરે પડેલું મળ્યું હતું. જેથી માથું અને ધડ કબ્જે કર્યુ હતું.

બીજી તરફ મૃતદેહની ઓળખ કરવાની દિશામાં પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. પોલીસે નંદેસરી, અનગઢ, ફાજલપુર તેમજ સાકરીયાપુરા સહિત આસપાસના ગામોમાં લાશ અંગે પૂછપરછ શરૂ કરી છે. સ્થાનિક લોકો અને રેલવે સંબંધિત વ્યક્તિઓ પાસેથી માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. જોકે હજી સુધી યુવકની કોઈ પ્રકારની ઓળખ થઈ શકી નથી. હાલમાં નંદેસરી પોલીસ દ્વારા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડાયો છે. બીજી તરફ પોલીસે આ યુવકે આપઘાત કર્યો છે કે, પછી અકસ્માતમાં મોત થયું છે તેની તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનિય છે કે, રેલવે પોલીસ દ્વારા મૃતકના પરિવારજનોની શોધખોળ આદરી છે અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

### તાપમાન 31.4 ડીગ્રી નોંધાયું

# શહેરમાં પવનની દિશા બદલાતા ગરમીનો પારો વધવાની શકયતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા શહેરમાં હાલમાં બેવડી ઋતુનો અનુભવ લોકોને થઈ રહ્યો છે. આગામી છ દિવસ સુધી હજી પણ વાતાવરણમાં કોઈ મોટો ફેરફાર નહીં આવે, 9 માર્ચ બાદ ગરમીની શરૂઆત થશે. શનિવારે શહેરમાં મહત્તમ તાપમાન 31.4 ડિગ્રી અને લઘુતમ તાપમાન 18.6 ડિગ્રી નોંધાયો હતો. જેના કારણે બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. બીજી તરફ રાત્રે અને સવારે ઠંડી જ્યારે, દિવસે ગરમીના પગલે શરદી અને ઉધરસના કેસોમાં પણ વધારો થયો છે.

શનિવારે સવારે હવામાં ભેજનું પ્રમાણ 78% અને સાંજે 31% નોંધાયો હતો. પવનની ગતિ પણ વધતા રાત્રિના સમયે ઠંડીનું પ્રમાણ વધ્યું હતું. રાજ્યમાં પવનની દિશા બદલાતા મહત્તમ તાપમાન વધવાની આગાહી હવામાન વિભાગે કરી છે. ઉત્તર ભારતથી દક્ષિણ સુધી હવામાનમાં અનેક બદલાવો થઈ રહ્યા છે. ત્યારે રાજ્યમાં પણ માવઠા બાદ અચાનક ગરમીમાં વધારો થઈ રહ્યો છે.

હવામાન વિભાગે બે દિવસ ગરમ અને ભેજવાળી હવાનું એલર્ટ આપ્યું છે. આગામી 48 કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. ત્યારબાદ ત્રણથી પાંચ સે.નો ધીમે ધીમે વધારો થવાની શક્યતા છે. આ સાથે લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. ત્યારબાદ બેથી ત્રણ ડીગ્રી સે.નો ધીમે ધીમે વધારો થવાની શક્યતા છે.

ઉલ્લેખનિય છે કે, બેવડી ઋતુના કારણે શહેરના સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

### પૂર્વ ડેપ્યુટી મેયરના ઘર પાસે જ ગટર ઉભરાઇ

# સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે વોર્ડ નં. 14 ગંદકીમાં ગરકાવ

(પ્રતિનિધિ), વડોદરા. તા.28

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરને 'સ્માર્ટ સિટી' બનાવવા પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવી રહ્યો છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. શહેરના હાર્દ સમાન દાંડિયા બજાર વિસ્તારમાં આવેલ વોર્ડ નંબર 14માં છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાવાની સમસ્યાએ માઝા મૂકી છે. આશ્ચર્યની વાત તો એ છે કે, પૂર્વ ડેપ્યુટી મેયર નંદાબેન જોષીના નિવાસસ્થાનથી માત્ર 100 મીટરના અંતરે જ ગંદકીનું સામ્રાજ્ય હોવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. દાંડિયા બજાર વિસ્તારમાં આવેલ જોષી વકીલના ખાંચા પાસે ગટરની મુખ્ય લાઈનમાં લાંબા સમયથી લીકેજ જોવા મળી રહ્યું છે. રસ્તાઓ પર સતત વહેતા ગટરના ગંદા પાણીને કારણે સ્થાનિક રહીશો અને રાહદારીઓનું જીવવું દુષ્કર બન્યું છે. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે, "અમે નિયમિતપણે મ્યુનિસિપલ ટેક્સ ભરીએ છીએ, છતાં અમને પીવાનું ચોખ્ખું પાણી કે ગટર જેવી પ્રાથમિક સુવિધાઓ પણ મળતી નથી. શું સ્માર્ટ સિટીનો અર્થ માત્ર કાગળ પરની વાતો જ છે ?" ગટરના ગંદા પાણી અને અસહ્ય દુર્ગંધને કારણે આ



વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ગંદકીના કારણે અનેક લોકો બીમારીની લપેટમાં આવી રહ્યા છે. નાના બાળકો અને વૃદ્ધોમાં તાવ અને પેટની બીમારીના કેસો વધી રહ્યા છે. વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓ જાણે આ સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. આ સમસ્યા જ્યાં સર્જાઈ છે તે પૂર્વ ડેપ્યુટી મેયર નંદાબેન જોષીના ઘરની તદ્દન નજીકનો વિસ્તાર છે. જ્યારે શાસક પક્ષના પૂર્વ હોદ્દેદારના ઘર પાસે જ આવી સ્થિતિ હોય, ત્યારે સામાન્ય વિસ્તારોની હાલત કેવી હશે તે કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

### સેવાઓમાં ખલેલ પહોંચાડવાના પ્રયાસો કાનૂની ગુનો ગણાશે

# વીજ કર્મચારીઓની હડતાલ પર 6 મહિના માટે પ્રતિબંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

રાજ્યમાં વીજ પુરવઠો સતત અને અવરોધ રહિત રહે તે હેતુસર ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી આવશ્યક સેવા જાળવણી અધિનિયમન હેઠળ વીજ ક્ષેત્રે હડતાલ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

જાહેરનામું વીજ 20 માર્ચ 2026 થી આગામી છ મહિના સુધી અમલમાં રહેશે. સરકારે જણાવ્યું છે કે, રાજ્યમાં વીજ પુરવઠો ખોરવાઈ નહીં અને સામાન્ય જનજીવન ઉદ્યોગો તથા કૃષિ ક્ષેત્ર પર કોઈ અસર ન થાય તે માટે આ પગલું લેવામાં આવ્યું છે. તાજેતરમાં વીજ કર્મચારીઓ દ્વારા હડતાળની શક્યતાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે કડક વલણ અપનાવ્યું છે આ પ્રતિબંધ વીજળી



ઉત્પન્ન કરતી કંપનીઓ વીજ ટ્રાન્સમિશન સેવાઓ ડીસ્ટ્રીબ્યુશન કંપનીઓ તેમજ ઈલેક્ટ્રિકલ પાવર ટ્રેડિંગ અને કો-ઓર્ડીનેશન પ્રવૃત્તિ સાથે જોડાયેલા તમામ કર્મચારીઓને લાગુ પડશે.

જો આ જાહેરનામા મુજબ આવશ્યક સેવા જાળવણી અધિનિયમન એ અમલમાં હોવા દરમિયાન કોઈપણ પ્રકારની હડતાલ કામબંધી અથવા સેવાઓમાં ખલેલ પહોંચાડવાના પ્રયાસો કાનૂની ગુનો ગણાશે અને જવાબદાર સામે કાર્યવાહી પણ કરવામાં આવશે.

### અગાઉ મોલના બીજા માળેથી પટકાતા એક હોમગાર્ડ જવાનનું મોત થયું હતું

# અગોરા મોલના 17મા માળેથી પટકાતા લિફ્ટ કામદારનું મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.28

શહેરના સમા વિસ્તારમાં આવેલા અગોરા મોલ ખાતે ફરી એકવાર દુર્ઘટનાની ઘટના સામે આવી છે. મોલના 17મા માળે લિફ્ટનું કામ કરી રહેલો એક શ્રમિક અચાનક નીચે પટકાતા તેનું કરુણ મોત નિપજ્યું છે.

માહિતી મુજબ, શ્રમિક લિફ્ટ સંબંધી કામગીરી દરમિયાન કોઈ અગમ્ય કારણોસર નીચે ખાબક્યો હતો. ગંભીર ઈજાઓ થવાને કારણે સ્થળ પર જ તેનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળે છે. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા.ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા પણ આ જ મોલમાં બીજા માળેથી પટકાતા એક હોમગાર્ડ જવાનનું મોત થયું હતું, જેના સીસીટીવી દ્રશ્યો પણ વાયરલ થયા હતા. તાજેતરની આ બીજી ઘટના બાદ સુરક્ષા વ્યવસ્થા અંગે ફરી પ્રશ્નો ઊભા થયા છે.ઘટનાની જાણ થતાં સમા પોલીસ સ્ટેશન નો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે અને વધુ વિગતો મેળવવાના પ્રયાસો ચાલુ છે.અત્રે ઉલ્લેખનીય છે કે અગોરા મોલમાં સાતમા માળેથી નીચે પટકાનાર લિફ્ટનું કામ કરનારનું નામ શાર્દુલ અલી નામ હતું. આ 30 વર્ષીય મૃતક શાર્દુલ અલી મૂળ પશ્ચિમ બંગાળનો રહેવાસી હતો અને છેલ્લા પાંચ વર્ષથી અગોરા સિટી સેન્ટરમાં મેન્ટેનન્સ વિભાગમાં કામ કરતો હતો. 8 મહિના પહેલા શાર્દુલના લગ્ન થયા હતા. ઉપરાંત થોડા સમય પહેલા જ તેની પત્ની વડોદરામાં પતિ સાથે રહેવા માટે આવી હતી. લિફ્ટનો વાયર ખેંચતી વખતે સંતુલન ગુમાવતા તેઓ સીધા લિફ્ટની અંદર શાફ્ટમાં નીચે પટકાયા હતા. જેમાં તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું છે.

**અમારા લગ્નને 9 મહિના થયા છે**

મારા પતિ આજે સવારે ઉઠીને અગોરા મોલ ખાતે ડ્યુટી પર ગયા હતા. એ સમયે હું ઘરે ઘરે ઉંઘતી હતી. ત્યારબાદ મને સાઈટ પરથી ફોન આવતા તાત્કાલિક અહીં દોડી આવી હતી. ત્યારે પતિ લિફ્ટનું કામ કરતા વેળા પડ્યાં હતા. જાણવા મળ્યું હતું. અમારા લગ્નને આશરે 9 મહિના જેટલો સમય થયો છે મારે બીજું કઈ જોઈતું નથી, મને તો મારા પતિ પાછા જોઈએ છીએ.

**સુમૈયા,** મૃતકની પત્ની

## વારસીયા લુંટ કેસમાં વધુ એક આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.28

વારસીયામા રહેતા વેપારીની આંખમાં લુંટ કરવાના ગુનામાં વધુ એક આરોપીની ધરપકડ કરી રિમાન્ડ મેળવવામાં આવ્યાં છે. વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં ગિફ્ટની દુકાન ચલાવતા વૃદ્ધ વેપારી રાત્રીના સમયે રોકડ રકમ લઈને વારસીયાના તેમના ઘરે કાર લઈને આવ્યાં હતા. ત્યારે લુંટારુઓ દ્વારા તેમનો પીછો કરાયો હતો અને જેવા વૃદ્ધ તેમના ઘર પાસે આવીનેઉભા હતા. ત્યારે વેપારીની આંખમાં મરચાની ભુકી નાખીને રોકડા રૂપિયા 1.19 લાખ તથા અલગ અલગ દેશો 7808 ચલણી નોટો ભરેલી બેગની લુંટ કરી હતી. જેથી પોલીસ દ્વારા અગાઉ આરોપીઓને ઝડપી પાડ્યાં હતા. ત્યારે ક્રાઈમ બ્રાન્ચે આ ગુનામાં ફરાર આરોપીને યાકુતપુરા સરસીયા રોડ પરથી વિનોદ રાજુ મારવાડીને ઝડપી પાડ્યો છે.

### શેરબજારમાં પણ 12 દિવસ 'નો ટ્રેડિંગ'

# માર્ચમાં રજાઓની 'વણઝાર', 13 દિવસ બેંકો બંધ રહેશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.28

ફેબ્રુઆરી મહિનો પૂરો થઈ ગયો છે અને આજથી માર્ચ 2026ની શરૂઆત થઈ રહી છે. વડોદરાના વેપારીઓ અને નોકરિયાત વર્ગ માટે આગામી મહિનો રજાઓની વણઝાર લઈને આવી રહ્યો છે.

હોળી-ધૂળેટી, ઈદ અને રામ નવમી જેવા મોટા તહેવારોને કારણે માર્ચ મહિનામાં બેંકોમાં કામકાજના દિવસો મર્યાદિત રહેશે. આરબીઆઈની યાદી મુજબ, રવિવાર અને બીજા-ચોથા શનિવાર સહિત કુલ 13 દિવસ બેંકોમાં રજાનો માહોલ રહેશે. માર્ચ માસમાં 12 દિવસ શેરમાર્કેટ બંધ રહેશે. જોકે, બેંકની શાખાઓ બંધ હોવા છતાં ATM, નેટ બેંકિંગ અને મોબાઈલ બેંકિંગ જેવી સુવિધાઓ કાર્યરત રહેશે, જેથી વડોદરાના ગ્રાહકોને ડિજિટલ પેમેન્ટમાં કોઈ તકલીફ પડશે નહીં.

**માર્ચ 2026 :- રજાઓનું લિસ્ટ**

| | |
|---|---|
| 1 માર્ચ રવિવાર બંધ | 20-21 માર્ચ ઈદ-ઉલ-ફિત્ર (રમઝાન ઈદ) |
| 3-4 માર્ચ હોળી / ધૂળેટી જાહેર રજા | 22 માર્ચ રવિવાર બંધ |
| 8 માર્ચ રવિવાર બંધ | 26 માર્ચ રામ નવમી જાહેર રજા |
| 14 માર્ચ બીજો શનિવાર બેંક રજા | 28 માર્ચ ચોથો શનિવાર બેંક રજા |
| 15 માર્ચ રવિવાર બંધ | 29 માર્ચ રવિવાર બંધ |
| 19 માર્ચ નવરાત્રી / ચેટીચાંદ મર્યાદિત રજા | 31 માર્ચ મહાવીર જયંતિ જાહેર રજા |

**હોળીનો હરખ** ત્વચાની સુરક્ષા અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધતા કુદરતી ગુલાલની ભારે માંગ

# બજારોમાં કેમિકલને 'નો' અને ઓર્ગેનિક રંગોને 'યસ'

### રૂા. 5 થી રૂા. 200 સુધીના આકર્ષક પેકિંગમાં રંગો ઉપલબ્ધ

સંસ્કારી નગરી વડોદરામાં હોળી અને ધૂળેટીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે શહેરના મુખ્ય બજારોમાં તહેવારની જબરદસ્ત રંગત જોવા મળી રહી છે. શહેરના ન્યાયમંદિર, માંડવી, મંગળબજાર અને રાવપુરા જેવા વિસ્તારોમાં પિચકારી અને ગુલાલની હાટડીઓ સજાઈ ગઈ છે. જોકે, આ વર્ષે બજારમાં એક મોટો અને હકારાત્મક બદલાવ જોવા મળ્યો છે. ગ્રાહકો હવે પરંપરાગત કેમિકલયુક્ત રંગોને બદલે ઓર્ગેનિક અને કુદરતી ગુલાલ તરફ વધુ આકર્ષાયા છે, જેના કારણે બજારમાં 'ઈકો-ફ્રેન્ડલી' હોળીનો માહોલ જામ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કેમિકલયુક્ત રંગોના કારણે ત્વચામાં એલર્જી, આંખોમાં બળતરા અને શ્વાસની તકલીફોના કિસ્સાઓ વધ્યા છે. આ અંગે વધેલી જાગૃતિને પરિણામે વડોદરાના બજારોમાં ઓર્ગેનિક કલરની બોલબાલા વધી છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, કુદરતી ફૂલો, હળદર, અને વનસ્પતિજન્ય ઘટકોમાંથી બનેલા આ રંગો ત્વચાને નુકસાન પહોંચાડતા નથી અને પાણીથી ખૂબ જ સરળતાથી સાફ થઈ જાય છે. ખાસ કરીને નાના બાળકોના માતા-પિતા સુરક્ષાને પ્રાથમિકતા આપી રહ્યા છે. બજારમાં ઓર્ગેનિક રંગો વિવિધ પેકિંગમાં ઉપલબ્ધ છે. 5 ના નાના પાઉચથી લઈને 200 સુધીના પ્રીમિયમ પેકેટ્સ વેચાઈ રહ્યા છે. વેપારીઓનું કહેવું છે કે આ વખતે 200 ના કોમ્બો પેકેટ્સની માંગ સૌથી વધુ છે, જેમાં 4 થી 5 પ્રકારના અલગ-અલગ કુદરતી ગુલાલનો સેટ હોય છે. બીજી તરફ, સામાન્ય રંગો 20 પ્રતિ કિલોથી લઈને 200 પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે, પરંતુ ગ્રાહકો હવે ગુણવત્તા પાછળ થોડા વધુ પૈસા ખર્ચવા તૈયાર દેખાઈ રહ્યા છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે 'ઓર્ગેનિક' ના નામે બજારમાં કેટલાક તત્વો ટેલકમ પાવડર કે હલકી ગુણવત્તાના લોટમાં ભેળસેળ કરીને નકલી રંગો વેચી રહ્યા છે. ગ્રાહકોએ હંમેશા પ્રમાણિત અને વિશ્વસનીય બ્રાન્ડના જ રંગો ખરીદવા જોઈએ. હોળી નજીક આવતા વેપારીઓમાં પણ આ વર્ષે સારા વેપારની આશા જાગી છે.

બોક્ષ:- કેમ વધી રહી છે ઓર્ગેનિક રંગોની ક્રેઝ? હોળીની મજા હવે સજા નહીં બને!

વડોદરાના બજારમાં ઉપલબ્ધ ઓર્ગેનિક રંગો કુદરતી અર્કમાંથી તૈયાર કરવામાં આવ્યા છે. વેપારીઓનો દાવો છે કે આ રંગો જો ભૂલથી આંખમાં જાય કે રમતા-રમતા મોઢામાં પણ જાય, તો પણ તેની કોઈ આડઅસર થતી નથી. કેમિકલ મુક્ત હોવાથી તે ત્વચાને નરમ રાખે છે અને કાઢતી વખતે કલાકો સુધી ઘસવા પડતા નથી. ખાસ કરીને "સેલ્ફી જનરેશન" માં આ રંગો લોકપ્રિય છે કારણ કે તે ચહેરા પર ડાઘ છોડ્યા વગર તહેવારનો અસલી આનંદ આપે છે!

**જ્યાં માનતા પૂરી થાય છે એ 'માંજલપુરની હોળી'**

સંસ્કારી નગરી વડોદરામાં હોળી-ધૂળેટીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે શહેરના માંજલપુર વિસ્તારમાં ઉત્સવનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે. વડોદરાની સૌથી ઊંચી અને આશરે 150 વર્ષ જૂની પરંપરા ધરાવતી માંજલપુર ગામની હોળી માટે હાલમાં જોરશોરથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. 35 થી 40 ફૂટ ઊંચી આ હોળીના દર્શન કરવા માટે માત્ર



સ્થાનિકો જ નહીં, પરંતુ સમગ્ર વડોદરામાંથી શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. માંજલપુર ગામની સ્થાપના અંદાજે 400 વર્ષ પહેલાં થઈ હતી. સ્થાનિક આગેવાનોના જણાવ્યા અનુસાર, ગામની સ્થાપના કાળથી જ અહીં હોળી પ્રગટાવવાની પરંપરા છે, પરંતુ છેલ્લા 150 વર્ષથી આ હોળીએ એક વિશાળ અને સામૂહિક સ્વરૂપ ધારણ કર્યું છે. સમય બદલાયો, ગામ હવે શહેરી વિસ્તારમાં ભળી ગયું, છતાં પણ અહીંની પરંપરામાં કોઈ ઓટ આવી નથી. પહેલાના સમયમાં ગામના લોકો જાતે જ લાકડાં એકઠા કરીને હોળી તૈયાર કરતા હતા. આજના આધુનિક યુગમાં પણ એ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સ્થાનિક યુવાનો અને વડીલો સાથે મળીને આશરે 35 ફૂટથી પણ વધુ ઊંચાઈ ધરાવતી હોળીના માળખાને આખરી ઓપ આપી રહ્યા છે.

### આરોપીને સાથે રાખીને રિકન્સ્ટ્રક્શન કરાયું

# પોઈચા-રાણીયા ગામે ફાયરિંગ કરનાર છગન પટેલ રિમાન્ડ પર

(પ્રતિનિધિ), વડોદરા. તા.28

સાવલી તાલુકાના પોઈચા-રાણીયા ગામે બે રાઉન્ડ ફાયરિંગ ફાર્મ હાઉસના માલિકની ભાદરવા પોલીસે ધરપકડ કરી હતી. ત્યારે આરોપીની વધુ પૂછપરછ કરવા માટે પોલીસે એક દિવસના રિમાન્ડ મેળવ્યાં હતા. જેમાં આરોપીને સાથે રાખીના સ્થળ પર લઈ જઈ સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું હતું. આજે રિમાન્ડ પુરા થતા આરોપીને કોર્ટમાં રજૂ કરાશે. ડભોઈ તાલુકાના ધરમપુરી ગામના રહેવાસી નિમેષભાઈ રણછોડભાઈ બારીયા કાકાની ઈકો કારમાં પાંચ સાથીદારો સાથે પોઈચા-રાણીયા ગામે આવેલ છગનભાઈ કાનજીભાઈ પટેલના ફાર્મ હાઉસ પર પહોંચ્યા હતા. ફાર્મ હાઉસમાં કામ કરતા



વિશાલ બારીયા પાસે પૂછપરછ કરતાં તેણે પોતાના શેઠને બોલાવ્યા હતા. થોડા સમય બાદ છગનભાઈ ગાડી લઈને આવ્યા અને ફાર્મ હાઉસમાં પ્રવેશ મુદ્દે ઉશ્કેરાઈ ગયા હતા.

વિવાદ વધતાં તેમણે પોતાની રિવોલ્વરમાંથી પહેલો રાઉન્ડ હવામાં ફાયર કર્યો હતો. બાદમાં તમામ લોકો ઈકો ગાડીમાં બેસી ગેટ તરફ જતાં હતા ત્યારે આરોપી ફરી ગાડી લઈને પહોંચ્યા અને બીજી વખત ફાયરિંગ કર્યું. ગોળી ગાડીનો પાછળનો કાચ તોડી નિમેષભાઈ બારીયાના ડાબા ખભા પર વાગી હતી. તેમને ઈજાગ્રસ્ત હાલતમાં તાત્કાલિક એસએસજી હોસ્પિટલામાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો.

પોલીસે આરોપી સામે હત્યાના પ્રયાસનો ગુનો છગન પટેલની ધરપકડ કરી હતી. આરોપીની વધુ પૂછપરછ કરવા માટે કોર્ટમાં રજૂ કરીને એક દિવસના પોલીસે રિમાન્ડ મેળવ્યાં છે. ત્યારે આરોપીને સાથે રાખીને સ્થળ પર લઇ જઇને સમગ્ર ઘટનાનુ રિકન્સ્ટ્રક્શન કરાયું હતું. આજે રિમાન્ડ પુરા થતા ફરી કોર્ટમાં રજૂ કરાશે.